# Call on Prime Minister by the Rt Hon Alok Sharma MP, COP26 President-designate

February 16, 2021

# યુકેનાં સાંસદન અને COP26 નાં પદનામિત અધ્યક્ષ માનનિય આલોક શર્મા દ્વારા વડાપ્રધાનની મુલાકાત

ફેબ્રુઆરી 16, 2021

યુકેનાં સાંસદ અને 26મી સંયુક્ત રાષ્ટ્રની પક્ષોની આબોહવાનાં ફેરફારની કોન્ફરન્સ (COP26) નાં પદનામિત અધ્યક્ષ માનનિય આલોક શર્માએ આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. COP એ સંયુક્ત રાષ્ટ્રનાં આબોહવાનાં ફેરફાર પરનાં ફ્રેમવર્કનાં સંમેલન (UNFCCC), ની નિર્ણય લેનારું સંસ્થાપન છે, જેનું 26મું સત્ર યુકે દ્વારા ગ્લાસગોમાં નવેમ્બર 2021 માં યોજવામાં આવશે.

વડાપ્રધાન અને શ્રીમાન આલોક શર્માએ COP26 નાં પરિપેક્ષ્યમાં આબોહવાનાં ફેરફારનાં મુદ્દાઓ પર ભારત-યુકે જોડાણની ચર્ચા કરી હતી. વડાપ્રધાને પેરિસ સમજૂતિ તરફ અને COP26 પર સફળ પરિણામ માટે રચનાત્મક રીતે કાર્ય કરવા માટેની ભારતની કટિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. શ્રીમાન શર્માએ ડીસેમ્બર 2020 માં ક્લાઇમેટ એમ્બિશન સમિટ દરમિયાન વડાપ્રધાનનાં સંબોધનને સસ્નેહ યાદ કર્યું હતું.

વડાપ્રધાને ભારક-યુકે જોડાણો વધારે મજબૂત કરવા માટે યુનાઇટેડ કિંગ્ડમનાં વડાપ્રધાન શ્રીમાન બોરિસ જહોન્સન સાથે કાર્ય કરવાની પોતાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી,

**નવી દિલ્હી**

**ફેબ્રુઆરી 16, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.